
# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ

શ્રી મહાલક્ષ્મી મંદિર, શહેરા.

श्री महालक्ष्म्यै नमः    उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत    महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.** રજી. નં. A/3352, Ahmedabad



# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

માર્ચ : ૨૦૨૧ | www.sssgujarat.org

**મંત્રીઓ**
**શ્રી જયંત જોષી**
મો. ૯૬૦૧૯ ૯૫૫૬૭

**શ્રી યોગેશ શુક્લ**
મો. ૯૮૨૪૦ ૫૮૭૯૯

**ખજાનચી**
**શ્રી પ્રવિણ પુરોહિત**
મો. ૯૮૨૪૩૫૮૨૯૭

**તંત્રી (કાર્યકારી)**
**પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાય**
મો. ૯૮૨૪૪ ૦૬૩૮૧

**સંપાદક**
**શ્રી રાજેશ પંડ્યા**
મો. ૯૯૯૮૭ ૧૬૫૭૭

**તંત્રી મંડળ**
**શ્રી જીજ્ઞેશ પંડિત**
મો. ૯૦૯૯૦ ૨૯૦૭૯

**શ્રી નિરવ પી. દવે**
મો. ૯૯૨૫૧ ૦૩૧૧૪

### તંત્રી સ્થાનેથી...

વડિલો, મુરબ્બીઓ, મિત્રો, સર્વેને સસ્નેહ જય મહાલક્ષ્મી, જય ભગવાન. કુશળ હશો, કુશળતા વાંછુ છુ.

ઋતુરાજ વસંતના વધામણાં થઈ રહ્યાં છે, રસરાજ રસેશ્વર અને રાસેશ્વર કૃષ્ણચંદ્રની પરમ વિભૂતિ અને ઐશ્વર્યરૂપ માઘશીર્ષ માસને વધાવવા (માસાનાં માઘશીર્ષોઽહમ્) પ્રકૃતિએ નયરમ્ય આમ્રમંજરી અને લદાયેલાં પુષ્પોથી વનશ્રી રાજશ્રી બની નવપલ્લવિત ધરાને દેદિપ્યમાન કરી રહી છે. સાહિત્ય, સંગીત કલાની અધિષ્ઠાત્રી, વાગ્દેવી જે બ્રહ્માજીની માનસપુત્રી છે, જે શ્વેત હંસ ઉપર બિરાજમાન છે, શ્વેત વસ્ત્રો અને શ્વેત કમળથી આચ્છાદિત પ્રધાનત્રય દેવો દ્વારા સદા વંદિત વાગેશ્વીર સરસ્વતીના ચરણારવિંદમાં કોટિ કોટિ વંદન કરી, યાકુન્દેન્દુતાષારહાર ધવલા... શુક્લાં બ્રહ્મવિચારસાર પરમાં... શારદા શારદામ્ભોજ... અપૂર્વ કોપિકોષોઽયં જેવાં વાક્પુષ્પોથી આરાધના કરી આ નવા કાર્યનો પ્રારંભ કરીએ...

વૈશ્વિક કોરોના કાળની મહામારીના કારણે સમગ્ર વિશ્વ હતપ્રત બની ગયું છે. આપણા ઘણા જ સ્વજનો કાળની ગર્તમાં વિલિન થઈ ગયા છે. તે સૌ નાના-મોટા અને અકાળે દિવંગત થયેલા શ્રબંધુઓને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે.

ઘણા જ લાંબા સમય પછી આપણા સમાજના મુખપત્રની

પી.ડી.એફ. બનાવવાની જવાબદારી મને મળી છે. સરસ રીતે સમાજની કાર્યવાહી ચાલી રહી હતી, તેમાં આ કોરોનાની (કોવિડ-૧૯)ની ભયંકર મહામારીને લીધે વિશ્વ આખાને ખળભડાવી મૂકી. તમામ ગતિવિધિઓને થંભાવી દીધી. હવે ધીમે ધીમે ગતિ પકડી કાર્યાભાર પુનઃ યથાવત થઈ રહ્યો છે. આથી, મેં પણ કાર્ય કરવાની શરૂઆત કરી, મોટાભાગના પાસે મોબાઈલ આવી ગયો હોવાથી હાલ આ પી.ડી.એફ.થી ચલાવીએ છીએ. રાબેતા મુજબ અંકની પ્રસિદ્ધિ કરવા તત્પર થઈશું.

મને ઉપલબ્ધ અને પ્રાપ્ત થયેલ વિગતો આ સાથે આ અંકમાં મૂકુ છું. કોઈની વિગતો રહી ગઈ હોય અથવા આપવાની ઇચ્છા હોય તો ચોક્કસ બન્ને મંત્રીશ્રીઓ જ્યંતભાઈ જોષી અને યોગેશ શુક્લ અથવા રાજુભાઈ પંડ્યાને અથવા મને પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાયને (૯૮૨૪૪૦૬૩૮૧) પર વૉટ્સઍપ દ્વાર પહોંચાડશો તો નવા અંકમાં જરૂરથી સમાવેશ કરીશું. આથી કોઈની વિગત કે અવસાન નોંધમા નામ ન આવે તો ક્ષમ્ય ગણી મને અચૂક મોકલશો.

દેવાધિદેવ મહાદેવ અને આદ્યશક્તિમા મહાલક્ષ્મી સૌની રક્ષા કરે, ઉન્નતિ કરે અને પ્રગતિના પંથે પુનઃ દોરી જાય તેવી માંને પ્રાર્થના.

લોકડાઉનના પ્રારંભના એક-બે માસમાં ઘણી બધી સામાજિક સંસ્થાઓએ એકબીજાને મદદ કરવા આગળ આવી હતી. મેં પણ અનાજની કીટનું વિતરણ કર્યું હતું અને રોકડ સહાય પણ ઘણા બધા શ્રીબંધુ પરિવારોને કરી હતી. પછી આપણો શ્રી સમાજ આગળ આવ્યો અને જરૂરિયાતમંદ શ્રીબંધુ પરિવારોને રોકડ સહાય અને અનાજની કીટનું વિતરણ શરૂ કર્યું હતું. ઘણા બધાને મદદ પહોંચાડી હતી. આવા કાર્યમાં આપણા પ્રમુખ આદરણીય શ્રી કમલેશભાઈ પાઠક, મંત્રીઓ શ્રી જ્યંતભાઈ જોષી, શ્રી યોગેશભાઈ શુકલ, વડોદરાના શ્રી અતુલભાઈ પંડ્યા, શહેરા મહાલક્ષ્મી ધામના પ્રમુખ શ્રી જીજ્ઞેશભાઈ પાઠક, વિરપુરના શ્રી મુકેશભાઈ શુક્લ (કારભારી પરિવાર), તેમજ ઉપપ્રમુખ શ્રી હિતેશભાઈ ભટ્ટ, શ્રી વિપુલભાઈ ભટ્ટ, શ્રી ધ્રુવભાઈ જોશી, ડૉ. કમલેશભાઈ જોષી જેવા ઘણા બધા મહાનુભાવોએ શ્રીબંધુઓને અસરકારક મદદ કરી છે આ માટે સૌનો આભાર.

આવી જ રીતે જીવનસાથી સંમેલનો કરી શકાય તેમ નહોવાથી આપણે સમસ્ત શ્રીગૌડ સમાજ જીવન સાથી વૉટ્સઍપ ગ્રુપ બનાવી યુવક-યુવતીઓના બાયોડેટા મંગાવી પરસ્પરના મેળાપ માટેનું પ્લેટફૉર્મ તૈયાર કરી ઘણા બધાના ડેટા આવ્યા હતા અને હજુ આ કાર્ય ચાલુ જ છે તેનો લાભ પણ ઘણાને મળ્યો છે અને આમાંથી કેટલાંકનાં દામ્પત્યજીવન શરૂ પણ થાયાના અહેવાલો છે. એ જ આ લોકડાઉનના સમયમાં થયેલ કાર્યની ફળશ્રુતિ છે.



**પુનઃ દોહરાવું છું કે અવસાન નોંધમાં કે સમાચાર સંચયમાં કોઈનું નામ કે વિગત રહી ગઈ હોય તો અચૂક મને મોકલશો, સુધારો હોય તો જણાવશો, ટૂંકા સમયમાં આ પી.ડી.એફ. તૈયાર કરવાનું વિચાર્યું એટલે રહી ગયેલી વિગતો નવા અંકમાં જરૂરથી લઈશું.**

**अस्तु शुभं भूयात् ।**

- પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય

# શ્રીગૌડ સમાજનું ગૌરવ

વયસ્ક અને કાર્ય શીલ એવા ખંભાત મહિલા બ્રહ્મસમાજ ના અગ્રણી

## લાયન સુશીલાબેન બી. જોષી



શ્રી પરશુરામ  ઈન્ટર નેશનલ કલબમા

અગ્રણી સલાહકાર તરીકેની નિમણૂક કરવામાં આવી છે અને

એૅવોર્ડ થી સન્માનિત કરવામાં આવેલ છે. ૮૭ વર્ષની જૈફ વયે

સુશીલાબેન જોષી ભગિની સમાજ, વૃદ્ધાશ્રમ, લાયન કલબ, સીનીયર સીટીઝન

જેવી અનેક સેવાભાવી સંસ્થાઓમાં સક્રિય સેવા આપી રહ્યા છે.

અભિનંદન અને નિરામય દીર્ઘ આયુષ્યની શુભેચ્છા...!

# શ્રીગૌડ સમાજનું ગૌરવ



## શ્રી ગોપાલભાઈ કનુભાઈ ઉપાધ્યાયની

"વિશ્વ પ્રવાસી સામાજિક અને સાંસ્કૃતિક સંઘ"

(WORLD NRI SOCIAL AND

CULTURAL ASSOCIATION )

માં ગુજરાત પ્રદેશના સચિવ તરીકે

પાંચ વર્ષ માટે નિમણુંક થવા બદલ હાર્દિક અભિનંદન.

રહેઠાણ : ૧૫, ઘનશ્યામ ટેનામેન્ટ, દક્ષિણી સોસાયટી પાસે,

ઉષા ફ્લેટની સામે, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. મો. ૮૧૪૧૦૯૨૨૭૨

# શ્રીગૌડ સમાજનું ગૌરવ



## ડૉ. હેમાંગિની શરદચંદ્ર શુક્લ

(ડૉ. જતીન કનૈયાલાલ દવેના ધર્મપત્ની)

જી.ટી.યુ.માંથી ગણિત શાસ્ત્રમાં

**સિમિલારીટી અને નોન સિમિલારીટી એનાલિસિસ**

**ફોર એન્જિનિયરિંગ બાઉન્ડરી વેલ્યુ પ્રોબ્લેમ**

વિષય પર પીએચ.ડી. કરેલ છે.

તેઓએ દવે કુટુંબ તથા શુક્લ કુટુંબ તથા

સમસ્ત શ્રી ગૌડ સમાજનું

ગૌરવ વધારેલ છે. અભિનંદન... !

# આપણે બિનઅનામત વર્ગની યાદીમાં આવ્યા જ છીએ.

**બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં**
**ઉમેરો કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭(પા.ફા.)/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૮/૨૦૧૯

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૧૨/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭(પા.ફા.)/અ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૯/૧૪૯૭૬૯/અ

**પ્રસ્તાવના**

વંચાણે લીધા ક્રમાંક (૧) માં દર્શાવેલ તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવથી બિનઅનામત વર્ગની જાતિઓ નક્કી કરવામાં આવેલ છે, જેમાં બિનઅનામત વર્ગની જાતિઓની યાદી (પરિશિષ્ટ-ચ) માં કુલ 69 જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વંચાણે લીધા ક્રમાંક (૨) માં દર્શાવેલ તા.૦૧/૦૧/૨૦૧૯ના ઠરાવથી બિનઅનામત વર્ગની જાતિઓની યાદી (પરિશિષ્ટ-ચ) માં નવી જાતિઓ તેમજ પર્યાયવાચી શબ્દોનો સમાવેશ કરવામાં આવેલ છે.

બિનઅનામત વર્ગની જાતિઓની યાદી (પરિશિષ્ટ-ચ) માં સમાવેશ થયેલ ન હોય એવી જાતિઓના અરજદારો/સંસ્થાઓ તરફથી તેઓની જાતિનો બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં સમાવેશ કરવા અત્રે રજૂઆત કરવામાં આવેલ હતી. જે અન્વયે બિનઅનામત વર્ગની જાતિઓની યાદી (પરિશિષ્ટ-ચ) માં સમાવેશ થયેલ ન હોય એવી બિનઅનામત વર્ગની જાતિઓનો પરિશિષ્ટ-ચ માં સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

1. પુખ્ત વિચારણાના અંતે, વંચાણે લીધા ક્રમાંક (૧) માં દર્શાવેલ તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવના પરિશિષ્ટ-ચમાં દર્શાવેલ બિનઅનામત વર્ગની જાતિઓની યાદીમાં નીચે મુજબની જાતિઓ/પર્યાયવાચી શબ્દોનો સમાવેશ કરવામાં આવે છે.

   (1) પરિશિષ્ટ-ચ માં A- બિનઅનામત હિન્દુ જાતિઓમાં નીચે મુજબની જાતિઓ/પર્યાયવાચી શબ્દો ઉમેરવામાં આવે છે.

   28.A લેઉવા પટેલ

29.A કડવા પટેલ

42.F શ્રીગૌડ બ્રાહ્મણ

42.G હિન્દુ ખેડવા બ્રાહ્મણ

42.H બાવીસી ગોમતીવાડ બ્રાહ્મણ

42.I ગિરીનારાયણ બ્રાહ્મણ

42.J દશા પાલીવાલ બ્રાહ્મણ

42.K ઓસવાલ

42.L મહેશ્વરી વાણિયા, મહેશ્વરી

42.M હિન્દુ જાટ-ચૌધરી (જે SEBC/OBC માં ન હોય તે)

(2) પરિશિષ્ટ-ચ માં B- બિનઅનામત મુસ્લિમ જાતિઓમાં નીચે મુજબની જાતિઓ/પર્યાયવાચી શબ્દો ઉમેરવામાં આવે છે.

59.A મુમના, મોમના

66.C હાલા મુસ્લિમ

66.D આગરીયા મુસ્લિમ

66.E ભાડભુજા, ભઠિયારા (બધા મુસ્લિમ) (જે SEBC/OBC માં ન હોય તે)

2. બિનઅનામત વર્ગની જાતિઓની યાદી સક્ષમ સત્તાધિકારીઓને પ્રમાણપત્રો આપવામાં સરળતા રહે તે માટે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) માં દર્શાવેલ તા.૦૮/૦૫/૨૦૧૯ના ઠરાવથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગો સિવાયની કોઈ જાતિ, સમૂહ કે જૂથનો ઉલ્લેખ બિનઅનામત વર્ગની યાદીમાં ન થયો હોય તેવી જાતિના ઉમેદવારો/અરજદારોને પણ સક્ષમ સત્તાધિકારીએ (Competent authority) દ્વારા બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર આપવાનું રહેશે, તે અંગે સૂચનાઓ આપવામાં આવેલ છે.

3. બિનઅનામત વર્ગના પ્રમાણપત્રો આપવા માટે તા.૦૬/૧૨/૨૦૧૮ના ઠરાવની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ સર્વે અધિકારીઓને પરીપત્રિત કરવા સારૂ
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ સર્વે અધિકારીઓને પરીપત્રિત કરવા સારૂ
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવા સારૂ
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવા સારૂ)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવા સારૂ)
- સર્વે નાયબ નિયામકશ્રી(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવા સારૂ.
- નાયબ સચિવશ્રી (એ.ટી.વી.ટી.), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, સચિવાલય, ગાંધીનગર. ઠરાવ્યા મુજબની જાતિઓ NIC સોફ્ટવેરમાં સામેલ કરવા અંગેની કાર્યવાહી કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

---

*પત્ર દ્વારા

# વનાંચલની ભાગોળ

- ધ્રુવ જોષી



પંચમહાલ જિલ્લો એટલે જંગલો, નદીઓ, ડુંગરાઓથી રળિયામણો, આદિવાસીઓની સરળતાથી છલકાતો અફાટ નૈસર્ગીક સૌંદર્ય ધરાવતો પ્રદેશ. કોઈ વારહું રમૂજમાં કહું છું કે... યોગેશ્વર કૃષ્ણે જો કોઈ જિલ્લાને વિભૂતિયોગમાં સંમિલિત કર્યો હોત તો જનપદનામ પંચમહાલોડસ્મિ એમ જ કહ્યું હોત !!!

પંચમહાલ જિલ્લાના વનાંચલનું રસપાન આપણને કવિ શ્રી જયંત પાઠકે તેમની આત્મકથા વનાંચલ માં સુંદર રીતે કરાવ્યું છે. વનાંચલમાં આપણે વિહાર કરતાં હોઈએ ત્યારે કવિશ્રી થોડો વગડાનો શ્વાસ લેતા સમાધિસ્થ થઈને ફરતા હોય એવી પ્રતીતિ થાય.

અડાબીડ જંગલોના અંચલમાં કરડ નદીના કાંઠે આવેલું નેનો વિલેજ કહી શકાય તેવું ગામડું "ગોઠ"એ ગુજરાતી સાહિત્યના મહાન સર્જકોનું જન્મસ્થલ. આંગળીના વેઢે ગણાય તેટલા માટીના ઝૂંપડાઓના ગામ પર સરસ્વતી માતાની વિશેષ કૃપા છે, તેથી જ અહીંની માટીમાં કવિ શ્રી જયંત પાઠક ઉપરાંત સ્વ. શ્રી રમણ પાઠક, નંદકુમાર પાઠક, ચંદ્રકાન્ત પાઠક, લક્ષ્મીરામ પાઠક જેવા મહાન સાક્ષરો પેદા થયા.

નિસર્ગની હૂંફમાં ઉછરેલા નિર્દોષ, બાળક જેવા ગામ "ગોઠ" સાથે ગોમાં નદીના કાંઠે, આવેલા પંચમહાલ જિલ્લાના કાલોલ ગામના પારિવારિક સંબંધ. ભૌગોલિક દ્રષ્ટિથી જોઈએ તો કાલોલને વનાંચલની ભાગોળ કહી શકાય. ગોઠના પાઠક પરિવારનો બીજો અત્યંત નજીકનો પારિવારિક સંબંધ વડોદરા જિલ્લાના સાવલી-કવિ ઉશનસના ગામ સાથે કવિ શ્રી ઉશનાશનું મોસાળ અને સાસરીનું ગામ એટલે વનાંચલની ભાગાળો-કાલોલ ગામ. આમ ગોઠની માટી અને ગોમાની રેતી પ્રત્યે જયંત પાઠક, રમણ પાઠક અને ઉશનશને વિશેષ આકર્ષણ. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ કવિ ત્રિપુટી મારા મામા થાય. આ મહાન પ્રતિભાઓએ વનાંચલની ભાગોળને પણ એટલી જ માણી છે જેટલું વનાંચલને.

દૂર શહેરમા વસતા આ કવિ ત્રય અને કાલોલમાં રહેતા તેમના સ્વજનો ઉનાળાના વેકેશનની

આતુરતાથી રાહ જોતા હોય. નટુમામા (ઉશનશ) તો કહેતા "ગૌમાં" માસી અને "પાવા" મામા ને મળવા રજાઓમાં તો આવવું જ પડે. નિસર્ગ સાથેનું કેટલું તાદાત્મ્ય !!

કાલોલમાં અન્ય સ્થાનિક સાહિત્યરસિકો અને સર્જકો પણ ઉનાળાના વેકેશનમાં આ ત્રિગુણાત્મક ત્રિમૂર્તીની રાહ જોતા હોય અને મિટિંગ, સીટિંગ અને ટ્રેકિંગનું પ્લાનિગ કરી રાખ્યું હોય, મામાની આ પેન કલબમાં મુખ્યત્વે કાલોલના સાક્ષરો મુખ્યત્વે સ્વયંભૂ જાની, વિનોદ જાની, હર્ષદ જાની, રજનીકાંત જાની વગેરે હતા. તો બીજી બાજુ તેમની બહેનો ભાઈઓને જમાડવાનું મેનુ તૈયાર કરી રાખે અને તેમાંય તેમના પ્રિય ભાભી સરોજ ભાભી અને મારી બહેન શવરી આવવાના હોય તો વિશેષ રેસપીની વાનગીઓ વિચારી રાખે.

જમ્યા પછી રાત્રે ખાટલાસભા થાય. જેમાં ત્રણ ભાગનું હસવાનું અને એક ભાગની નિર્દોષ વાતો, જોડકણાં અને ઉખાણાનું કોકટેલ હોય. ચોમાસામાં જેમ ગોમાં અને કરડ નદીમાં પાણીનું પૂર આવે તેમ ઉનાળામાં વનાંચલની ભાગોળમાં હાસ્યનું પૂર આવે અને જે ટ્રીપમાં સરોજમામી હોય તે ટ્રીપમાં હાસ્યની સુનામી આવે. હાસ્યરેખાની નીચે જીવતા કેટલાય લોકોનું આ સમયે સ્થાનાંતર થતું હશે અને કેટલાય તેમાં તરતાં સીખી ગયા હશે ...!!

આ વનાંચલની ભાગોળ એટલે કાલોલના ગોમાં કાંઠાનો પ્રદેશ. જેમાં વિહરતા હોઈએ ત્યારે ગુજરાતીના મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ અને પદ્મશ્રી શ્રી પ્રવિણ દરજી સાહેબને વંદન કર્યા વિના કેમ આગળ વધાય!! આ પ્રવિણભાઈનું વતન પણ કાલોલ તાલુકાનું ગોમાં કાંઠાનું મહેલોલ ગામ. પ્રસિદ્ધ ગઝલકાર જનાબ ખલીલ ધનતેજવી સાહેબ પણ ગોમાં નદીની રેતીમાંથી ખીલેલું ગુલાબ.

સમયના વહેણ સાથે અમ વારસોમાં સાહિત્યની જાણે થોડી હર્ડ ઈમ્યુનિટી ડેવલોપ થઈ ગઈ, પરંતુ ડીએનએમાં સાહિત્ય હોવાથી અમારી વર્તમાન પેઢીમાં કવિ અને લેખન સર્વ શ્રી દિનેશ પંડ્યા, રોહિત પંડ્યા, રાજેન્દ્ર પાઠક, બ્રિજ પાઠક, નીવા જોશી, ઉપરાંત કાલોલ તાલુકાના કવિ દત્તાત્રય ભટ્ટ અને ત્રિલોક મહેતા પણ સાહિત્ય સર્જનના ક્ષેત્રના ઝગમગતા તારલા છે. કુટુંબમાં હજુ પણ અનેક નામ લઈ શકાય તેવી પ્રતિભા છે જે સાહિત્ય વૃક્ષની કવિતા ડાળે બેસીને અવારનવાર ટહુકા કરે છે.

અમારે માટે ગૌરવની વાત એ છે કે આટલા નાના ગામમાં આટલા બધા સાહિત્ય સર્જકો પેદા થયા એ રેરેસ્ટ ઑફ રેર કહેવાય. આજે મને કુટુંબીજનો અને સાહિત્ય રસિકો સાથે વનાંચલની ટ્રાન્કિવલ ભાગોળમાં વિચરણ કરવાની સ્ફૂરણા થઈ જે સૌને આનંદ પ્રદ હશે જ. અસ્તુ.

તા.૦૧-૦૯-૨૦૨૦

**સમાચાર સંચય :-**

(૧) શ્રીગૌડ મેડતવાડ બ્રાહ્મણ સમાજના ડૉ. વંદનાબેન ચેતનભાઈ ત્રિવેદી, જામનગર જી.જી. હોસ્પિટલ અને એમ.પી. મેડિકલ શાહ કોલેજમાં ૩૦ વર્ષથી કાર્યરત અને એનેસ્થેશીયા વિભાગના વડા તરીકે સેવા આપી રહ્યા છે. જી.જી. કોવીડ હોસ્પિટલ બની ત્યારથી ડૉ. વંદનાબેન અને તેમની ટીમ દિવસ રાત દર્દીઓની સેવા કરી રહ્યાં છે. હાર્દિક અભિનંદન

(૨) શ્રી રાજેશભાઈ વિરેન્દ્રભાઈ શુક્લ, ભરૂચ ના સુપુત્ર ચિ. દેવ શુક્લ એ સંગીત ક્ષેત્રેની કારકિર્દી માં ઉત્કૃષ્ઠ દેખાવ કરીને જ્વલંત સફળતા પ્રાપ્ત કરી ને કલા ઉત્સવ ૨૦૨૦ અંતર્ગત રાજ્ય કક્ષાની શાસ્ત્રીય કંઠ્ય સંગીતમાં પ્રથમ ઇનામ પ્રાપ્ત કરેલ છે. અભિનંદન.

(૩) ડૉ. કિન્નરીબેન જોષી, મેડિકલ ઓફિસર (હોમીયોપેથી), સરકારી હોમીયોપેથી દવાખાનું, બાજવા. જિ. વડોદરાનું જિલ્લા વહીવટી તંત્ર- વડોદરા દ્વારા કોવિડ-૧૯ મહામારી દરમ્યાન ઉત્તમ અને નિઃસ્પૃહ આયુષ સેવાઓ બદલ ૭૨માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ હસ્તે સન્માન કરવામાં આવેલ છે. અભિનંદન.

(૪) ડૉ. મિત અશ્વિનભાઈ દવે, મેડિકલ ઓફિસર, પી.એચ.સી. સેન્ટર, રણોદ્રા. નારેશ્વર પાસે, તા. કરજણ નું જિલ્લા વહીવટી તંત્ર- વડોદરા દ્વારા કોવિડ-૧૯ મહામારી દરમ્યાન ઉત્તમ અને નિઃસ્પૃહ આયુષ સેવાઓ બદલ ૭૨માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ હસ્તે સન્માન કરવામાં આવેલ છે. અભિનંદન.

(૫) યુનાઇટેડ નેશન્સ ઇન્ફર્મેશન સેન્ટર ફોર ઇન્ડિયા એન્ડ ભૂતાન તથા શ્રી રામચંદ્ર મિશન, હૈદરાબાદના સંયુક્ત ઉપક્રમે આયોજિત, Heartfulness Essay Event - ૨૦૨૦ માં શ્રીગૌડ સમાજ, આણંદ ના શ્રી પંકજકુમાર પુરોહિત તથા શ્રીમતી ઋતા પુરોહિત ની સુપુત્રી કુ. દિશા પુરોહિત દ્વારા પ્રસ્તુત રચનાને રાષ્ટ્રીય સ્તરે સર્વ શ્રેષ્ઠ દસ કૃતિ માં સ્થાન મળ્યું છે. અભિનંદન.

(૬) ચિ. ક્રિષ્ના મહેશભાઈ ભટ્ટ ગુજરાત યુનિવર્સિટી માંથી બીએસ.સી. (કેમેસ્ટ્રી)માં ફર્સ્ટ ક્લાસ મેળવેલ છે. અભિનંદન.

(૭) ચિ. હેત્વી પિનાકીન શુક્લ એ એમ.બી.બી.એસ. પૂર્ણ કરેલ છે. અભિનંદન.

(૮) શ્રીગોડ સમાજની ચિ. આયુષી વિજય કુમાર શુક્લ નર્સિંગ કોલેજ જેતલપુર દ્વારા ચાલતા કોવિડ (કોરોના વાયરસ) ટેસ્ટ કેમ્પ માં અમદાવાદ ના જુદા જુદા વિસ્તારો માં જઈ કોવિડ ટેસ્ટની સેવાઓ આપે છે. દરરોજ લગભગ ૮ કલાક આ પ્રકારની સેવાઓ આપી પોતાનુ યોગદાન કરે છે. ધન્યવાદ.

(૯) શ્રી અતુલભાઈ એસ. પંડ્યા, વડોદરામાં પદોન્નતિ સાથે ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનિકલ સ્ટડીઝના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર(CEO) તરીકે નિમણૂંક થઈ છે. અભિનંદન...!

(૧૦) વસંત પંચમીની શુભેચ્છા : આપણા સમાજના ટ્રસ્ટી મંડળની કાર્યવાહીમાં મહાલક્ષ્મી માતાજીની કૃપાથી સફળતા પ્રાપ્ત થયેલ છે. સરકારી હુકમ પ્રાપ્ત થયેલ છે, આપ સૌની જાણ માટે. વધુ વિગતો આવનારી મિટિંગમાં મૂકવામાં આવશે. શુભેચ્છાઓ.

(૧૧) આપણા સમાજના પૂર્વ પ્રમુખ પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાય તરફથી મહાલક્ષ્મી મંદિર, મઘવાસ ખાતે શુદ્ધ પાણી માટે આર.ઓ. સિસ્ટમ સપ્રેમ ભેટ આપવામાં આવેલ છે. સમાજ સહર્ષ સ્વીકારે છે અને આવી રીતે સમાજ સેવા કરતા રહે તેવી અભ્યર્થના. સદાય મહાલક્ષ્મીની કૃપા તેમના પર રહે તેવી પ્રાર્થના. - ટીમ સમર્પણ મઘવાસ

(૧૨) પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય ૪૦૦૦ જેટલા આજીવન સભ્ય ધરાવતા અખિલ ગુજરાત યુનિ. અને કૉલેજ પેન્શનર્સ સમાજના પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી પામેલ છે. અભિનંદન...!

(૧૩) તા. ૦૭-૨૦૨-૨૦૨૧ના રોજ શ્રીમતી વર્ષાબેન મુકેશભાઈ પાઠક, વડોદરાના, નિર્મોહી રચિત માતૃ કાવ્યના સંગ્રહ 'માં' ની પ્રાર્થના પોથીનું વિમોચન ગોત્રી, વડોદરા, મુકામે જાણીતા ગઝલ કાર ગુલાબ અબ્બાસ (નવશાદ)ના હસ્તે થયું હતું. અતિથિ વિશેષ, સાહિત્ય કાર દંપત્તિ શ્રી અશ્વિન ચંદારાણા અને શ્રીમતી મીનાક્ષી ચંદારાણા ઉપસ્થિત રહ્યા હતા. શુભેચ્છાઓ.

(૧૪) બ્રિન્દા નીલંજલ શુક્લ, લુણાવાડા નગરપાલિકાના ચેરમેન તરીકે વરણી થવા બદલ અભિનંદન.

(૧૫) શૈફાલી અંકુરભાઈ ઉપાધ્યાય, કાલોલ નગરપાલિકાના ચેરમેન તરીકે વરણી થવા બદલ અભિનંદન.

(૧૬) ઔદ્યોગિક રસાયણ ઉત્પાદક કંપની Vital Group ની એક Most Promising company of the year તરીકે પસંદ પામેલ છે. એક પ્રતિષ્ઠિત મેગેઝિનમાં તેની નોંધ પણ લેવામાં આવેલ છે. આપણી જ્ઞાતિના શ્રીબંધુ વિપુલભાઈ જે. ભટ્ટ તેના માલિક છે. તેઓ સમસ્ત શ્રીગૌડ સમાજના સભ્ય છે ઉપરાંત એક શ્રી ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પણ સેવા આપે છે. હાર્દિક અભિનંદન.

(૧૭) સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત અમદાવાદની કારોબારી સમિતિ (Executive Committee)ની બેઠક તા. ૨૮-૦૨-૨૦૨૧ના રોજ સમાજના કાર્યાલય ખાતે પ્રમુખશ્રી કમલેશભાઈ એસ. પાઠકના પ્રમુખ સ્થાને યોજવામાં આવી હતી. મીટિંગમાં ઍજન્ડા મુજબ કાર્યવાહી કરવામાં આવી જે સફળ રહી. જેમાં તંત્રી મંડળ સહિતની ઘણી ચર્ચાઓ કરવામાં આવી હતી. ફળદાયી આ સમિતિમાં ભોજનની વ્યવસ્થા શ્રી કિરણભાઈ પી. મહેતા, પેથાપુર તરફથી તેમના પુત્રની લગ્નતિથિની ખુશીમાં કરવામાં આવી હતી. પ્રમુખશ્રી અને કિરણભાઈનો ખૂબ ખૂભ આભાર.

(૧૮) ડૉ. હેમાંગિની જતીનકુમાર દવેએ જી.ટી.યુ.માંથી ગણિત વિષયના "સીમીલારીટી અને નોન સીમીલારીટી એનાલીસીસ પર એન્જિનિયિરંગ બાઉન્ડ્રી વેલ્યુ પ્રોબ્લેમ" વિષય પર પીએચ.ડી. કરેલ છે. હાર્દિક અભિનંદન.

## સમસ્ત શ્રીગૌડ જીવનસાથી ગ્રુપ

આજના સમયમાં એક પ્લેટફોર્મ પૂરું પાડી શકાય અને પોતાના જીવનસાથીની પસંદગી માટે વિશાળ ફલક મળી રહે તેમ જ આપણા સમાજના લગ્ન ઉત્સુક યુવક યુવતીનો પરિચય વોટ્સઅપ માધ્યમ થકી મળી રહે એવા શુભ આશયથી **સમસ્ત શ્રીગૌડ જીવનસાથી** વોટ્સએપ ગ્રુપ શરૂ કરવામાં આવેલ છે. બાયોડેટા એડમીન દ્વારા જ વોલ ઉપર મૂકવામાં આવે છે. ગ્રુપમાં જોડાવા તથા બાયોડેટા મૂકવા માટે નીચે આપેલ કોઈપણ એડમીનશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે.

(૧) શ્રી હિતેશભાઈ ભટ્ટ (અમદાવાદ) - ૯૮૨૪૦૯૧૨૯૬
(૨) શ્રી જયંત જોષી (ગાંધીનગર) - ૯૬૦૧૯૯૫૫૬૭
(૩) ડો. બંસીધરભાઈ ઉપાધ્યાય (અમદાવાદ) - ૯૮૨૪૪૦૬૩૮૧
(૪) શ્રી પ્રવિણભાઈ પુરોહિત (અમદાવાદ) - ૯૮૨૪૩૫૮૨૯૭
(૫) ડો. પ્રિતેશ શુક્લ (આણંદ) - ૯૪૨૮૪૯૧૨૨૧
(૬) શ્રી નયનભાઈ પંડિત (અમદાવાદ) - ૮૯૮૦૦૩૧૨૫૫
(૭) શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) - ૯૪૨૭૭૮૬૨૬૪
(૮) શ્રી કિરણભાઈ શુક્લ (વડોદરા) - ૯૯૭૮૯૨૦૯૮૮
(૯) શ્રી ઉદય શાસ્ત્રી (અમદાવાદ) - ૯૮૨૫૩૯૩૫૯૯
(૧૦) શ્રી આશિષ પાઠક (વડોદરા) - ૯૪૨૭૭૧૭૮૯૧
(૧૧) શ્રી પ્રશાંત પાઠક (વડોદરા) - ૯૮૯૮૨૫૪૯૭૮
(૧૨) શ્રી સંજય જાની (જામનગર) - ૯૯૨૪૪૭૨૭૦૯
(૧૩) શ્રી બંકિમ પુરાણી (વડોદરા) - ૯૯૯૮૦૦૮૩૬૬
(૧૪) શ્રી ધ્રુવ શુકલ (અમદાવાદ) - ૯૪૨૯૩૫૫૬૫૩

**આ માહિતી શ્રીગૌડ સમાજના વધુને વધુ શ્રીબંધુઓ સુધી પહોંચાડી સહભાગી થવા વિનંતી છે.**

**વિના સહકાર નહીં ઉધ્ધાર.**

---

**શ્રી કૃષ્ણવદન બાબુભાઈ શુક્લ (વડોદરા) તરફથી સ્વ. જ્યોત્સનાબેન કૃષ્ણવદન શુક્લના સ્મરણાર્થે જાગૃતિ નિભાવ ફંડ પેટે રૂ. ૧,૦૦૦/- આપવામાં આવેલ છે. સાભાર સ્વિકાર. ધન્યવાદ.**

**ખાસ નોંધ : બેંકની વિગતમાં થયેલ ફેરફાર નોંધી લેશો.**

એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.
એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨
બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)
**IFS Code : SBIN0008053**

અગત્યની સૂચના : આપણા મુખપત્ર 'શ્રીગૌડ જાગૃતિ' અથવા સોશિયલ મીડિયાના કોઈપણ માધ્યમ દ્વારા રજૂ થતા લેખ, કવિતા જેવાં મૌલિક લખાણો કે વ્યક્તિગત અભિપ્રાયો તેમજ સૂચનો અને જાહેરાતો માટે તંત્રીમંડળ કે કારોબારીના હોદ્દેદારો જવાબદાર રહેશે નહીં.

**નીચેના સ્વજનોએ કોરોના કાળમાં આપણે ગુમાવ્યાં છે. અશ્રુભિનાં નેત્રોથી શ્રદ્ધાંજલિ.**

**અવસાન નોંધ :-**

૧. સ્વ. અરૂણાબેન ઈન્દ્રવદનભાઈ મહેતા, મુંબઇ
૨. સ્વ. શરદચન્દ્ર ઓચ્છવલાલ પંડ્યા, અમદાવાદ
૩. સ્વ. શ્રીમતી દુર્ગાબેન રવિન્દ્રપ્રસાદ પાઠક, અમદાવાદ
૪. સ્વ. શ્રીમતી નીલાબેન અરૂણભાઈ શુકલ
૫. સ્વ. નીરુબેન બિપીનભાઈ શુકલ,
૬. સ્વ. નંદકુમાર કમળાશંકર દવે, મુંબઇ
૭. સ્વ. પ્રકાશભાઈ ગજેન્દ્રપ્રસાદ શુક્લ, અમદાવાદ
૮. સ્વ. હેમંતભાઈ હરિપ્રસાદ વ્યાસ, અમદાવાદ
૯. સ્વ. પ્રવિણાબેન ભોગિન્દ્રભાઈ દવે
૧૦. સ્વ. રમાબેન માર્કંડેય દવે, ઉદેપુર
૧૧. સ્વ. શૌનકભાઈ શિરીષભાઈ દવે
૧૨. સ્વ. દિલીપભાઈ ઠાકોરલાલ પાઠક, રાજપીપળા
૧૩. સ્વ. શ્રીમતી અસ્મિતાબેન અતુલભાઈ પાઠક, અમદાવાદ
૧૪. સ્વ. નિરંજનભાઈ કૃષ્ણશંકર શુકલ, અમદાવાદ
૧૫. સ્વ. ચંદ્રકાન્તભાઈ બદ્રીનાથ પુરોહિત, ભાવનગર
૧૬. સ્વ. કપિલાબેન ઠાકોરલાલ દવે
૧૭. સ્વ. રતિલાલ બાલકૃષ્ણ ઉપાધ્યાય, લુણાવાડા
૧૮. સ્વ. ડૉ. જયકુમાર આર. શુકલ, અમદાવાદ
૧૯. સ્વ. નર્મદાશંકર મણિશંકર જોષી, કાલોલ
૨૦. સ્વ. નવીનચંદ્ર જેઠાલાલ જોષી, અમદાવાદ
૨૧. સ્વ. જયકૃષ્ણ મહાશંકર પંડ્યા, વાત્રક
૨૨. સ્વ. દમયંતીબેન જીવણભાઈ જોષી, અમદાવાદ
૨૩. સ્વ. કમળાશંકર જયશંકર પંડ્યા (સાવલી)
૨૪. સ્વ. ઘનશ્યામલાલ જયંતિલાલ જોષી, અમદાવાદ.
૨૫. સ્વ. જ્યોત્સનાબેન કૃષ્ણકાંત શુકલ, વડોદરા
૨૬. સ્વ. હેમંતકુમાર ચંદ્રવદન પંડ્યા, સુરત
૨૭. સ્વ. તરુલતાબેન વાસુદેવભાઈ જોષી, ગોધરા
૨૮. સ્વ. શારદાબેન ચંદુલાલ પાઠક, અમદાવાદ
૨૯. સ્વ. જીજ્ઞેશભાઇ ભરતભાઈ ભટ્ટ, રાજકોટ
૩૦. સ્વ. વિષ્ણુપ્રસાદ ગોરધનદાસ પંડ્યા, વતન કાંકણપુર, અમદાવાદ
૩૧. સ્વ. હસમુખભાઈ એમ. જોષી, અમદાવાદ (વિધાતા મેરેજ બ્યુરોવાળા)
૩૨. સ્વ. અર્ણવ પંકજકુમાર જોશી, અમદાવાદ (ઓસ્ટ્રેલિયા)
૩૩. સ્વ. મારતંડરાય નવીનચંદ્ર જોશી
૩૪. સ્વ. રાજેન્દ્ર ગજાનંદ પુરાણિક, વલસાડ

૩૫. સ્વ. હેમંતભાઈ જેઠાલાલ પંડ્યા, ડાકોર
૩૬. સ્વ. હરીશભાઈ જયંતિલાલ દવે, અમદાવાદ
૩૭. સ્વ. મૃદુલાબેન રોહિતભાઈ શુક્લ, વિરપુર
૩૮. સ્વ. જસ્ટીસ અનંતભાઈ દવે, અમદાવાદ
૩૯. સ્વ. રાજેશ જયંતિલાલ શુક્લ, મુંબઈ
૪૦. સ્વ. બિરેન્દ્રભાઈ ચંદ્રકાંત પંડ્યા, અમદાવાદ
૪૧. સ્વ. વિનુબહેન મૂળશંકર શુક્લ, મુંબઈ
૪૨. સ્વ. મહેશભાઈ ચંદ્રશંકર શુક્લ, મુંબઈ
૪૩. સ્વ. પ્રણાલી જયેશકુમાર ત્રિવેદી, વડોદરા
૪૪. સ્વ. ગિરીશભાઈ પ્રાણશંકર ભટ્ટ, લુણાવાડા
૪૫. સ્વ. શશીકલાબેન કનૈયાલાલ પાઠક, અમદાવાદ
૪૬. સ્વ. કુસુમબેન વિષ્ણુપ્રસાદ ભટ્ટ, વડોદરા
૪૭. સ્વ. વિરબાળાબેન જગદીશચંદ્ર પાઠક, સંતરામપુર
૪૮. સ્વ. જીતુભાઈ બી. ઉપાધ્યાય, સેવાલીયા (કારોબારી સભ્ય અને ટ્રસ્ટી મંડળના સભ્યશ્રી)
૪૯. સ્વ. સુનયનાબેન બળદેવપ્રસાદ શુક્લ, ગોધરા
૫૦. સ્વ. પ્રદ્યુમ્ન નર્મદાશંકર દવે, અમદાવાદ
૫૧. સ્વ. શિવશંકર ગૌરીશંકર ભટ્ટ, વડોદરા
૫૨. સ્વ. ધર્મીષ્ઠાબેન મનુપ્રસાદ ઉપાધ્યાય, વડોદરા
૫૩. સ્વ. હર્ષાબેન કુલદિપકભાઈ પંડિત, અમદાવાદ
૫૪. સ્વ. કિરણભાઈ લક્ષ્મીશંકર પાઠક, અમદાવાદ
૫૫. સ્વ. મીનાક્ષીબેન રાજેન્દ્રભાઈ દવે, નડીયાદ
૫૬. સ્વ. અનંતરાય ગુણવંતરાય ભટ્ટ
૫૭. સ્વ. વિરેન્દ્રકુમાર બિપીનચંદ્ર જોષી, વનોડા
૫૮. સ્વ. દિનેશભાઈ મહાશંકર ભટ્ટ, રાજકોટ
૫૯. સ્વ. પ્રવિણાબેન વી. પંડ્યા, માધાપુરા
૬૦. સ્વ. રમેશચંદ્ર પુંજાલાલ દવે
૬૧. સ્વ. યશવંતભાઈ લક્ષ્મીશંકર જોષી, રાજકોટ
૬૨. સ્વ. મુકુન્દરાય કાન્તીલાલ પંડ્યા, નડિયાદ
૬૩. સ્વ. રંતીદેવ અંબાલાલ ઉપાધ્યાય, અમદાવાદ
૬૪. સ્વ. હેમલત્તાબેન પી. ઉપાધ્યાય, લુણાવાડા
૬૫. સ્વ. મનોરમાબેન ભીખાલાલ ઉપાધ્યાય, કોઠંબા
૬૬. સ્વ. દિલીપકુમાર ભીખાલાલ ઉપાધ્યાય, કોઠંબા
૬૭. સ્વ. મણીશંકર ગોરધનભાઈ ઉપાધ્યાય, વડોદરા
૬૮. સ્વ. ઠાકોરલાલ રણછોડલાલ પાઠક, વડોદરા
૬૯. સ્વ. ત્રિગુણાબેન એન. ભટ્ટ, ગાંધીનગર
૭૦. સ્વ. મનુશંકર શંકરલાલ દવે, વડોદરા

૭૧. સ્વ. યોગેશ બાલમુકુંદ શુક્લ
૭૨. સ્વ. વિજયકુમાર જશવંતલાલ પંડ્યા, ગાંધીનગર
૭૩. સ્વ. હંસાબેન જયંતકુમાર શુક્લ, અમદાવાદ
૭૪. સ્વ. નિર્મળકુમાર ભોગાયતા, યુ.કે.
૭૫. સ્વ. બિપીનચંદ્ર પ્રભુલાલ જોષી, રાજકોટ
૭૬. સ્વ. શકુંતલાબેન નરેન્દ્રકુમાર દવે, વડોદરા
૭૭. સ્વ. હસુમતીબેન નરહરિ પાઠક, ન્યુઝીલૅન્ડ
૭૮. સ્વ. ઉષાબેન જયેશભાઈ જોષી, રાજકોટ
૭૯. સ્વ. આશાબેન શૈલેષભાઈ ભટ્ટ, અમદાવાદ
૮૦. સ્વ. ચંદ્રીકાબેન વિનોદચંદ્ર જોષી, મેનપુરા
૮૧. સ્વ. વિજયભાઈ પદ્માશંકર શુક્લ, વડોદરા
૮૨. સ્વ. પરેશભાઈ વિનુપ્રસાદ જોષી, અમદાવાદ
૮૩. સ્વ. નરેન્દ્રભાઈ ચંદ્રશંકર ભટ્ટ, વેરાવળ
૮૪. સ્વ. રાજેન્દ્રભાઈ જશવંતરાય ભટ્ટ, રાજકોટ
૮૫. સ્વ. સુભાષચંદ્ર અંબાલાલ દવે, ગોધરા
૮૬. સ્વ. અનસૂયાબેન નવિનચંદ્ર શુક્લ, વડોદરા
૮૭. સ્વ. શિરીષ હરિપ્રસાદ પાઠક
૮૮. સ્વ. શૈલેષ પદ્યુમ્ન ભટ્ટ, રાજકોટ
૮૯. સ્વ. નિતીનભાઈ નવનીતરાય ઠાકર, અમદાવાદ
૯૦. સ્વ. ઘનશ્યામભાઈ દુર્લભભાઈ પંડ્યા, રાજકોટ
૯૧. સ્વ. હસુમતીબહેન મહેશકુમાર જોશી, અમદાવાદ
૯૨. સ્વ. હેમલત્તાબેન મનહરલાલ પંડ્યા, અમદાવાદ
૯૩ સ્વ. જ્યોતિશચંદ્ર લક્ષ્મીનારાયણ પંડ્યા, અમદાવાદ
૯૪. સ્વ. નલીનીબેન જગદીશચંદ્ર પંડ્યા, અમદાવાદ
૯૫. સ્વ. મીનાક્ષીબેન પ્રિયકાંત પાઠક, અમદાવાદ
૯૬. સ્વ. કોકિલાબેન રમેશભાઈ પાઠક, ભરૂચ
૯૭. સ્વ. વિનાયકપ્રસાદ મગનલાલ શાસ્ત્રી, પેટલાદ
૯૮. સ્વ. રવિકાન્તાબેન સત્યેન્દ્રપ્રસાદ ભટ્ટ, અમદાવાદ
૯૯. સ્વ. સત્યેન્દ્રપ્રસાદ ભટ્ટ, અમદાવાદ.
૧૦૦. સ્વ. હરિવદન મોહનલાલ ઉપાધ્યાય, વડોદરા
૧૦૧. સ્વ. ભાસ્કરભાઈ જયંતિલાલ ભટ્ટ, વડોદરા
૧૦૨. સ્વ. જીતેન્દ્ર જયંતિલાલ ભટ્ટ, વડોદરા



દિવંગત થયેલ દિવ્યાત્માઓને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના.
ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ



॥ : શ્રી હરિ : ॥

# "દ્વિતીય વર્ષોત્સવ"



ॐ

## પ.ભ.ગો.વા. હેમલત્તા મધુસૂદન શાસ્ત્રીજી

આલોક અને પરલોક બન્નેનો સમન્વય સાધી, કુળની પ્રતિષ્ઠા, પ્રતિભા ઉજાગર કરી આર્ય સંસ્કૃતિને અનુરૂપ હકારાત્મક વિચારોવાળું, મક્કમ મનોબળ ધરાવતું, કર્તવ્યનિષ્ઠ, ધર્મમય, સાદગીભર્યું, પ્રેરણાદાયી જીવન જીવી જનાર **પ.ભ.ગો.વા. હેમલત્તા મધુસૂદન શાસ્ત્રીજી (ઉમરેઠવાળા)**ના દ્વિતીય વર્ષોત્સવ (ફાગણ સુદ-૧) નિમિત્તે પૂ.ગો.વા. શ્રી રમણલાલ જ્યેષ્ઠરામ શાસ્ત્રીજી (ઉમરેઠવાળા) તથા પૂ.ગો.વા. શ્રી મૂળશંકર ડાહ્યાભાઈ દવે (આંકલાવવાળા)ના પરિવારના શત શત કોટી અભિવાદન.

અમારી સંવેદનાઓમાં સહભાગી થવા બદલ આપ સર્વેના આભારી,

અ.સૌ. દિપાવલી બેન - ધર્મેશ મધુસૂદન શાસ્ત્રીજી

અ.સૌ. સેજલબેન - ડૉ. ભદ્રેશ મધુસૂદન શાસ્ત્રીજી

અ.સૌ. ઉર્મિબેન - સમીરભાઈ પુરાણી

અમારા દાદીમાની ચિરંતન ભગવદ ચરણોમાં રતિ-ગતિ પ્રાપ્ત થાય એ જ અભ્યર્થના સહ

ચિ. હિર, ચિ. જય, ચિ. દેવ, ચિ. ધૈર્ય, ચિ. ઈશિતા

તથા

શાસ્ત્રીજી શ્રી રમણલાલ જ્યેષ્ઠરામ (ઉમરેઠવાળા) સમસ્ત પરિવાર

**-: નિવાસ સ્થાન :-**

રેંટીયા પોળ, ગાંધી શેરી પાસે, મુ.પો. ઉમરેઠ - ૩૮૮૨૨૦, જિ. આણંદ (ગુજરાત)

મો. ૯૭૨૩૭૫૧૬૧૪ (મધુસૂદન), ૯૮૭૯૯૩૯૩૩૫ (ધર્મેશ), ૯૯૦૪૧૫૩૬૧૪ (ડૉ.ભદ્રેશ)

# શ્રદ્ધાંજલિ



વિધાતા મેરેજ બ્યુરોના સ્થાપક **શ્રી હસમુખભાઈ મગનલાલ જોષી** આપણી વચ્ચે નથી. તા. ૧૮-૧૦-૨૦૨૦ના રોજ તેમનો સ્વર્ગવાસ થયો છે. તેમનો જન્મ તા. ૨૬-૦૯-૧૯૫૧નાં રોજ પંચમહાલ જિલ્લામાં ડેરોલ મુકામે થયો હતો. હાઈસ્કૂલનું શિક્ષણ વડોદરામાં લીધું ત્યારબાદ અમદાવાદ આવી ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ થયા અને અમદાવાદમાં પાલડીમાં આવેલ ઉન્નતિ સ્કૂલમાં જોડાયા અને ત્યાંથી જ ૨૦૦૯માં ઑફિસ સુપ્રિટેન્ડન્ટ તરીકે નિવૃત્ત થયા.

અમદાવાદમાં સ્થાયી થયા બાદ ૧૯૯૫માં દીર્ઘદ્રષ્ટિથી વિચારતા ''વિધાતા મેરેજ બ્યુરો''ની સ્થાપના કરી સાથે બ્રહ્મસમાજમાં પણ સતત કાર્યરત રહ્યા અને ''શ્રીગૌડ જાગૃતિ''માં સભ્ય તરીકે આજીવન રહ્યા.

સદાય હસતા અને અંત સુધી કાર્યરત રહેલા શ્રી હસમુખભાઈનાં જવાથી તેમનાં પરિવારને ન પૂરાય તેવી ખોટ પડેલ છે. પરમપિતા પરમેશ્વર તેમનાં આત્માને ચિરશાંતિ આપે એવી પાર્થના અને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી અર્પીએ છીએ.

ઓમ શાંતિ

**માલતીબેન જોષી**

**કેયુર જોષી - દેવાંગ જોષી**

# શ્રદ્ધાંજલિ



**પ્રતીક્ષા મુકેશ પરોહિત**

**તા. ૨૮-૦૨-૨૦૨૧**

# સ્મરણાંજલિ



## સ્વ. જ્યોત્સનાબેન કે. શુક્લ

જન્મ તા. ૧૯-૦૯-૧૯૪૫, સ્વ.તા. ૨૫-૧૧-૨૦૨૦

સંસારપથ પરની, હમસફર. જ્યોત્સ્નાની સ્નેહમય બંધનને
વળોટી પરિણામે પહેલી.
અનંતની યાત્રા ને અશ્રુભીના અભિષેકથી સ્મરણાંજલિ સાથે દિવ્યાત્માને
ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ

કૃષ્ણવદન બાબુભાઈ શુક્લ
જીગ્નેશ કૃષ્ણવદન શુક્લ - રિપલ જીગ્નેશ શુક્લ
હીર જીગ્નેશ શુક્લ - યામિની એસ. પાઠક
કાર્તિકા સ્ટેન્લી અને શુક્લ પરિવાર ના કોટી કોટી વંદન.

# સ્મરણાંજલિ



## અ.નિ. અર્ણવ પંકજ જોષી

અમારા પુત્ર અર્ણવનું ઓસ્ટ્રેલિયા મુકામે
તા. ૦૫-૦૨-૨૦૨૧ના રોજ અકાળે, આકસ્મિક અવસાન થયેલ છે.
સર્વાવતારી પૂર્ણપુરુષોત્તમ સહજાનંદ સ્વામી મહારાજ
દિવંગત આત્માને ચિર શાંતિ અર્પે એ જ અભ્યર્થના.
પંકજ એમ. જોષી (૯૪૨૭૦૨૮૪૩૫)
ઋષિકેશ પી. જોષી
નિખિલ જોષી (૯૦૯૯૦૭૪૬૭૧)
ગૌરાંગ જોષી (૯૮૨૫૫૦૬૮૦૫)
ભાવિન જોષી (૯૮૭૯૦૨૭૨૧૫)
તથા સમગ્ર જોષી પરિવારના સહેત જય સ્વામિનારાયણ.

# સ્મરણાંજલિ




## સ્વ. હર્ષાબેન કુલદિપકભાઈ પંડિત

તા. ૨૫-૧૧-૨૦૨૦ને બુધવારના રોજ અવસાન થયેલ છે.
સદ્‌ગતના આત્માની શાંતિ માટે સૌ સ્વજનો અને મિત્રો
પોતાના ઘરે રહીને જ તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરજો.

લિ.
જ્યેન્દ્રબાળા એલ. પંડિત
કુલદિપકભાઈ એલ. પંડિત, મો. ૯૮૨૫૦૩૪૦૩૪
સ્મીતલભાઈ કે. પંડિત, મો. ૯૮૯૮૫૧૭૧૦૧
હિરેનભાઈ કે. પંડિત, મો. ૮૬૭૧૦૪૬૭૪૬
વિભૂતિ એસ. પંડિત
રોમી એચ. પંડિત
હિર અને રાહી

# સ્મરણાંજલિ



## સ્વ.શશીકલાબેન કનૈયાલાલ પાઠક

(સ્વર્ગવાસ તા. ૦૩-૧૧-૨૦૨૦)

શ્રી કલ્પેશ પાઠક (પુત્ર)
શ્રીમતી હેતલ પાઠક (પુત્રવધુ)
ચિ. પ્રવાગ પાઠક (પૌત્ર)

વિમીષા કનૈયાલાલ પાઠક (પુત્રી)
શ્રી અલ્પેશ પાઠક
શ્રીમતી અમીતા પાઠક
પર્લ, પ્રાંશુ

ફર્મ :
સ્મિત ફાર્મસી, જયદીપ ટાવર, પાલડી, અમદાવાદ.
મો. ૯૭૨૭૭૯૮૫૪૪, ૮૪૮૭૯૬૫૩૦૨



# સદાશિવ

## આયુર્વેદિક ક્લિનીક

**પંચકર્મ એન્ડ એક્યુપંચર સેન્ટર**

**ડૉ. તરૂણ શુક્લ**
બી.એસ.એ.એમ.

**ડૉ. નિર્જર ટી. શુક્લ**
બી.એ.એમ.એસ., એફ.એ.જી.ઈ.
પીજી ડીપ્લોમા ઈન એક્યુપંકચર
પીજી સર્ટી ઈન પંચકર્મ

**શ્રીમા એન. શુક્લ**
એમ.એસ.સી. (1st Class)
બી.એ.એમ.એસ. (Cont.)

---

હાટડીયા બજાર, લુણાવાડા, જિ. મહીસાગર
સોમ થી શુક્ર સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮, શનિ ૯ થી ૧


---

૫-બી, શ્રુતિ કુંજ સોસાયટી, વિભાગ-૧, ઈલાજ મેડીકલ સ્ટોરની બાજુમાં,
જુના રેલ્વે ક્રોસીંગની પાસે, મણિનગર પૂર્વ, અમદાવાદ.
બીજો અને ચોથો શનિ - રવિ સવારે ૧૧ થી સાંજે ૭

**Mobile : +91 99799 56633 94296 18855**

**E-mail : shadashiv.ayurvedic.clinic@gmail.com**
**Website : www.shadashivayurvedic.in**

## ઉપલબ્ધ સારવાર



| | | | | | |
|---|---|---|---|---|---|
| વાળ અને ચામડીના રોગોની સારવાર | ચામડી લટકી પડવી (રીંકલ) માટેની એક્યુપંચરથી સારવાર | અલ્પ વિકસીત સ્તનના વિકાસ માટે અધતન મશીન દ્વારા સારવાર | ટાલમાં વાળ લાવવા માટેની સારવાર | વાળના ખોડાની સારવાર, ખરતા વાળ અટકાવવાની સારવાર | આયુર્વેદિક પંચકર્મ (વમન, વિરેચન, નસ્ય, બસ્તિ, રક્ત મોક્ષણ) |
| કોઈપણ આડઅસર વગર વજન ઘટાડવા માટેની ઉત્તમ સરાવાર | પ્રસુતિ પછી વધતા પેટ અટકાવવાની સારવાર | તમામ પ્રકારના જુના હઠિલા રોગોની ઉત્તમ આયુર્વેદિક સારવાર ઉપલબ્ધ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર | ઈચ્છિત સંતાન પ્રાપ્તિ માટે પુંસવનન કર્મ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર |

**Nirav Dave**

Director

KAIROS
consultancy

- LEADERSHIP HIRING
- IT & NON IT RECRUITMENT
- JOB PLACEMENT
- RECRUITMENT OUTSOURCING
- TRAINING & DEVELOPMENT
- HR STRATEGY
- ORGANISATION DESIGN
- BUSINESS PROMOTION

# RIGHT DESTINATION RIGHT OPPORTUNITY

+91 99251 03114

hr@kairosconsultancy.com

www.kairosconsultancy.com

જાણીતા કલાકાર એ કે હંગલ, મહેમુદ,
લલીતા પવાર ગરીબીમાં મૃત્યું પામ્યાં.

જાણીતા ગીતકાર સંતોષ આનંદ ઉંમર ૮૧ વર્ષ ગરીબ જ છે.
આનું કારણ શું તમે જાણો છો ?

આ લોકો પૈસા તો ખૂબ કમાયા પણ, રોકાણ ક્યાં કરવું તે ખબર ન હતી.

તમારી મહેનતના પૈસાનું મ્યુચ્યલ ફંડમાં રોકાણ કરવા આજે જ સંપર્ક કરો.

Senior Citizen નું LIC, Post Office કે Bank FD
કરતા પહેલાં મ્યુચ્યલ ફંડનો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય જાણી લો.

# SHRIDHAR INVESTMENT

**Himesh Shukla**
6-E, Suryarath Complex, Opp. White House,
Nr. Bank of India, Panchvati panch Rasta,
Ahmedabad, Gujarat, INDIA.
M : 98254 70163, 87329 60952
Email ID : himesh_112@yahoo.co.in

**Mediclaim, Car, Two Wheeler, Factory, Marine Insurance**

**FOCUS AT MUTUAL FUND.**

|| શ્રી ગણેશાય નમઃ ||

ટ્રસ્ટ રજી. નંબર : ઇ-૭૨૮૩/૧૯૮૯
AMC રજી. નં. : PIEL ૪૧૬૨૩/૧૯૯૫

Estd.1995
V.M.B.

૯૮ ૭૯ ૭૯ ૪૧ ૩૪
૯૮ ૭૯ ૬૦ ૪૧ ૩૪



હસમુખ જોષી સ્થાપિત

# વિધાતા મેરેજ બ્યુરો

**એક ફોન / મુલાકાત આપની જિંદગી બદલી શકે છે.**

૩૧૬, ત્રીજોમાળ, સીટીગેટ,
વિશાલા હોટલ અને રાજયશ સીટીની વચ્ચે,
ન્યુ વાસણા, અમદાવાદ.
સમય : ૧૦ થી ૮ ● રવિવાર ૧૦ થી ૧ ● જાહેર રજાએ ચાલુ
Website : www.vidhatamarriage.com
E-mail : contact@vidhatamarriage.com

"લગ્ન સ્વર્ગમાં રચાય છે, તેમની જોડી
"વિધાતા" યોગ્ય સમયે મેળવી આપે છે,
તેમા પુરૂષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની
"વિધાતા" પણ છૂટ આપે છે."

નિલમ જોષી — ધ્વનિ જોષી